# Banaskantha District Kelavani Mandal
# Managed
# R.R. Mehta College of Science & C.L. Parikh College of Commerce, Planpur

**પ્રથમ વર્ષ સાયન્સ(B.Sc Sem-I) ગ્રાન્ટેબલ / સ્વનિર્ભર વર્ગોમાં પ્રવેશ (અન્ય બોર્ડ) માટેના નિયમો અને જરૂરી માહિતી**

**જુન -૨૦૨૩ થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે** B.Sc. Semester I **માં પ્રવેશ** (અન્ય બોર્ડ) **આપવા અંગેની કાર્યવાહી હેમ.ઉ.ગુજ.યુનિ. એ નક્કી કરેલા નિયમો અનુસાર કરવામાં આવશે.**

| | |
|---|---|
| ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની સમય મર્યાદા | **01/06/2023 to 11/06/2023** |
| ઓનલાઈન ફોર્મ ભરવા માટેની લીંક : Click Here | |

- **વિધાર્થીએ પ્રવેશ માટે કોલેજની વેબસાઈટ** www.rrmcsclpcc.ac.in **પરથી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. પ્રવેશ ફોર્મ રૂા.૧૦૦/– ઓનલાઈન ચૂકવવાના રહેશે.**
- **ગ્રાન્ટેબલ અને સ્વનિર્ભર વર્ગમાં પ્રવેશ માટે અલગ–અલગ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે.**
- **મેરીટ માટે થીયરીના કુલ ૫૦૦ ગુણમાંથી આવેલા માર્કસ જ ફોર્મમાં લખવાના રહેશે. ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાના થિયરી વિષયોના કુલ ગુણ – ૫૦૦ માંથી મેરીટ ગણવામાં આવશે. જો વિદ્યાર્થી ધોરણ–૧૨ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને પાસ થયો ન હોય તો એક કરતાં વધુ પ્રયત્ન માટે દરેક પ્રયત્ન દીઠ ૧૦ ગુણ કાપવામાં આવશે.**

  નોંધ : માત્ર ગ્રેસીંગ સિવાયના જ Marks એન્ટર કરવાના રહેશે(e.g.: 33*=25+8* હોય તો માત્ર 25 જ એન્ટર કરવાના રહેશે.)
- **પ્રવેશ સંપૂર્ણ રીતે યુનિવર્સિટીના નિયમો અને ધારાધોરણો પ્રમાણે આપવામાં આવશે.**
- **ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભર્યા બાદ જો કોઈ ભૂલ જણાયતો** Edit Exiting Admission **પર કિલક કરી ફોર્મ માં ભરેલ** Mobile No. **અને** Birthdate **નાખી ફોર્મમાં ભરેલ વિગતમાં સુધારો કરી શકાય છે. પરંતુ ફાઈનલ સબમીશન બાદ સુધારો કરી શકાશે નહી.**
- **ઓનલાઈન ભરેલા પ્રવેશ ફોર્મની પ્રિન્ટ કાઢી વિદ્યાર્થીએ પોતાની જોડે રાખવાની રહેશે.મેરીટ યાદી કોલેજ વેબસાઈટ પર જાહેર થશે.**
- **વિધાર્થી પ્રવેશ મળેથી** કોલેજની વેબસાઈટ સતત ચેક કરતા રહેવું. મેરીટ યાદી માં નામ આવ્યેથી નિયત તારીખો માં ફી ઓનલાઈન ભરવાની રહેશે.
- **ફી ભરાયા બાદ કોલેજ દ્વારા જાણ કરવામાં આવે ત્યારે વિદ્યાર્થીએ ભરેલ ફોર્મ, ઓનલાઈન ફી ભર્યાનો પુરાવો તથા નીચેના ડોકયુમેન્ટની** પ્રમાણિત નકલ **સાથે કોલેજ પર** નિયત તારીખે રીપોર્ટીંગ **કરવાનું રહેશે.** રીપોર્ટીંગ વખતે **નીચે મુજબના અસલ પ્રમાણપત્રો તથા તેની પ્રમાણિત નકલ સાથે રાખવા ફરજીયાત છે.**
  1. પ્રવેશ ફોર્મ, બે તાજેતર ના પાસપોર્ટ સાઈઝ ના ફોટા(પાછળ નામ અને ફોર્મ આઈડી નંબર લખવો)
  2. પ્રવેશ ફી ની પાવતી (પહોચ.)
  3. ધોરણ ૧૨ સાયન્સ ની માર્કશીટ [લેમીનેસન વગર]
  4. ટ્રાયલ સર્ટીફીકેટ
  5. શાળા છોડ્યા નું પ્રમાણ પત્ર (L.C.) [લેમીનેસન વગર]
  6. અનામત વર્ગના વિદ્યાર્થીઓં એ જાતિ અંગે નો સક્ષમ અધિકારી નો દાખલો [SC,ST,OBC,EWS અને PWD/PH]
  7. બક્ષીપંચ ના વિદ્યાર્થીઓં એ નોન–ક્રિમીલેયર હોવા અંગે નું પ્રમાણપત્ર.(ફરજીયાત)
  8. જો અભ્યાસ માં તુટ પડી હોય તો તે અંગે નું ૨૦/- સ્ટેમ્પ પેપર સોગંદનામું.
  9. દિવ્યાંગ વિદ્યાર્થીઓં માટે PH અંગે સક્ષમ અધિકારી નું પ્રમાણપત્ર.
  10. Provisional Eligibility Certificate **(ફરજીયાત)**
  11. કોરોના રસીકરણ અંગે નું પ્રમાણપત્ર
  12. આધાર કાર્ડ
  13. Anti-Ragging Affidavit (વિદ્યાર્થી અને વાલી બંને નું) [પ્રવેશ ફી ભર્યા બાદ ઓનલાઈન જનરેટ થશે]
- રીપોર્ટીંગ **વખતે ઉપરના તમામ અસલ ડોકયુમેન્ટ વેરીફાય કરવામાં આવશે તે યોગ્ય જણાશે તો જ પ્રવેશ માન્ય ગણાશે.**

  અન્યથા પ્રવેશ રદ કરવામાં આવશે તેમજ ભરેલ ફી પરત મળશે નહી.
- **ધોરણ–૧૨ની પરીક્ષા માર્ચ/જૂન–૨૦૨૩ પહેલાં પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓએ અન્ય કોલેજ/ અન્ય ફેકલ્ટીમાં પ્રવેશ લીધો હોય અને મેરીટ યાદીમાં નામ આવેલ હોય તેવા વિદ્યાર્થીએ પ્રવેશ મેળવતી વખતે જે તે કોલેજનો** NOC **લેટર પ્રવેશ સમયે અચૂક રજૂ કરવાનો રહેશે.** NOC **વગર પ્રવેશ મેળવી શકશે નહી.**
- **અનામત બેઠકોની ફાળવણી:– કોલેજની કુલ પ્રવેશ બેઠકોમાંથી નીચે પ્રમાણે અનામત બેઠકોની ફાળવણી રહેશે.**

  **૧. અનુસુચિત જાતિ માટે – ૭%**
  **૨. અનુસુચિત જનજાતિ માટે– ૧૫%**
  **૩. બક્ષીપંચ માટે–૨૭%**
  **૪. આર્થિક પછાત માટે–૧૦%**

૫. શારીરીક વિકલાંગ માટે–૩%

- **ફી ના ધોરણો :–** હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિ. તથા સરકારશ્રીના ધારાધોરણ મુજબ રહેશે. શિક્ષણ ફી તથા અન્ય ફી સેમિસ્ટર દીઠ લેવામાં આવશે. સરકારશ્રીના નિયમ મુજબ કન્યાઓને કોલેજની ટયુશન ફી માંથી મુકિત આપવામાં આવશે. વિદ્યાર્થીઓ પાસે આધાર કાર્ડ હોવું જરૂરી છે. આધાર કાર્ડ નંબર પ્રવેશફોર્મમાં અચૂક લખવો.
- **અનામત વર્ગના વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા શિષ્યવૃતિનો લાભ મળવાપાત્ર રહેશે. જે માટે નિયત નમૂનામાં** નિયત સમય મર્યાદા માં **અરજી કરવાની રહેશે.**
- **કોલેજમાં વિજ્ઞાન વિભાગમાં પ્રથમ વર્ષમાં ૨૪૦ (અનુદાનિત) તેમજ ૧૨૦ (સ્વનિર્ભર) ની પ્રવેશ ક્ષમતા છે. જે પૈકી ૯૦% સીટો પર** GSHEB(Gujarat Secondary and Higher Secondary Education Board) **ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. ૧૦% સીટો પર** CBSE **તથા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ આપવામાં આવશે.**
- B.Sc. Sem-I **માં અભ્યાસનું માધ્યમ ગુજરાતી રહેશે.**
- **અન્ય બોર્ડમાંથી એચ.એસ.સી. પરીક્ષા પાસ કરી આવનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીમાંથી કામચલાઉ પ્રવેશ પાત્રતાનું પ્રમાણપત્ર** (Provisional Eligiblity Certificate)**મેળવી લીધા બાદ જ પ્રવેશ આપવામાં આવશે.**
- **પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ યુનિ. અને કોલેજના પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે તથા શિસ્તના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જે અંગેનું બાહેંધરી પત્રક પ્રવેશ ફોર્મ સાથે ભરીને આપવાનું રહેશે.**
- **પ્રવેશ ફોર્મમાં અધુરી કે ક્ષતિવાળી ખોટી માહિતી આપનાર વિદ્યાર્થીનું પ્રવેશ ફોર્મ રદ ગણાશે અને તેનો પ્રવેશ આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.**
- B.Sc. Semester-I [Grant-In-Aid & Self-Finance] ડીવીઝનમાં નીચે પ્રમાણે વિષય ગ્રુપ પસંદ કરી શકાશે તથા Self-Finance માં વિદ્યાર્થી ને મુખ્ય વિષય તરીકે Chemistry અને Physics વિષય ની પસંદગી મળશે નહી.

| **Class** | **12th Group** | **Subject Group** | **Major(મુખ્ય)/Minor(ગૌણ) Subject** | **Multidisciplinary Subject** |
|---|---|---|---|---|
| Grant-In-Aid | A Group | Maths/Physics/Chemistry | Maths (SF) OR Physics | Chemistry |
| Grant-In-Aid | A Group | Chemistry/Physics/Maths | Chemistry OR Physics | Maths |
| Grant-In-Aid | B Group | Chemistry/Botany/Zoology | Chemistry OR Botany (SF) | Zoology |
| Grant-In-Aid | B Group | Chemistry/Botany/Physics | Chemistry OR Botany (SF) | Physics |
| Grant-In-Aid | B Group | Physics/Chemistry/Botany | Physics OR Chemistry | Botany |
| Grant-In-Aid | B Group | Botany/Zoology/Chemistry | Botany OR Zoology<br>First Year Available only, From Second year student must change the college. | Chemistry |
| Self-Finance | A Group | Maths/Physics/Chemistry | Maths as Major<br>Physics as Minor | Chemistry |
| Self-Finance | B Group | Microbiology/Botany/Chemistry | Microbiology OR Botany | Chemistry |

## ખાસ નોંધ:

- ❖ અત્રે ની કોલેજ માં તૃતીય વર્ષમાં Chemistry અને Physics ફક્ત Grant-In-Aid વર્ગો જ કાર્યરત છે.
- ❖ અત્રે ની કોલેજ માં તૃતીય વર્ષમાં Mathematics, Botany અને Microbiology ફક્ત Self-finance વર્ગો જ કાર્યરત છે.
- ❖ ઉપરોક્ત ટેબલ માં Maths(SF) અને Botany(SF) એ Self-Finance ડીવીઝન દર્શાવે છે.

- **પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થીએ યુનિવર્સિટી એનરોલમેન્ટ ફોર્મ ભરવાનું રહેશે. અન્યથા પ્રવેશ રદ ગણાશે.**
- **જો કોઈપણ વિદ્યાર્થીનો પ્રવેશ નિયમો કે ટેકનીકલ કારણોસર ક્ષતિયુક્ત માલુમ પડશે તો અથવા જો હેમ.ઉ.ગુજરાત યુનિ. વિદ્યાર્થીનો પ્રવેશ માન્ય રાખશે નહી તો એવા વિદ્યાર્થીઓનો પ્રવેશ આપોઆપ રદ થયેલ ગણાશે. આ અંગે યુનિ. ના કુલપતિનો નિર્ણય આખરી ગણાશે.**
- **કોલેજ કાર્યાલયનો સમય સોમવાર થી શનિવાર સવારે** 12:00 PM to 05:00 PM **કલાકનો રહેશે.** જ્યારે ટેલીફોનીક હેલ્પ લાઈન નો સમય બપોરે 12:00 PM to 05:00 PM (રજાના દિવસો સિવાય) સુધીનો રહેશે.
- ગ્રાન્ટેબલ વર્ગો માં **પ્રવેશની કામગીરી યુનીવર્સીટી દ્વારા સુચવેલા નીચેના શિડયુલ પ્રમાણે થશે.**
- કોરોના ની રસી નો પ્રમાણપત્ર નંબર અવશ્ય નોંધી રાખવો.

| B.Sc. Semester I \| Fees Structure 2023-24 | |
|---|---|
| **Grant-In-Aid [Boys]** | **2335/-** |
| **Grant-In-Aid [Girls]** | **1735/-** |
| **Self-Finance** | **12935/-** |

તારીખ : ૦૧/૦૬ /૨૦૨૩
સ્થળ : પાલનપુર

**Dr. S.H. Prajapati**
**Convener**
**Admission Committee**
**(B.Sc. Semester I)**

**Dr. Y.B. Dabgar**
**Principal**

**Banaskantha District Kelavani Mandal**
**Managed**
# R.R. Mehta College of Science & C.L. Parikh College of Commerce, Planpur

## B.Sc. Sem. I [Grant-In-Aid] Admission Schedule for Other Board
## Academic Year-2023-24

| ક્રમ | Other Board [Grant-In-Aid] મેરીટ યાદીની પ્રકિયા | સંભવિત તારીખ અને સ્થળ |
|---|---|---|
| ૦૧ | ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની તારીખ | 01/06/2023 to 11/06/2023 |
| ૦૨ | પ્રથમ મેરીટ યાદી ઓનલાઈન પ્રસિધ્ધ કરવાની તારીખ | 13/06/2023 |
| ૦૩ | પ્રથમ મેરીટ યાદી માં આવેલ ઉમેદવારો ને ઓનલાઈન ફી ભરી કામચલાઉ પ્રવેશ મેળવવાની છેલ્લી તારીખ | 13/06/2023 to 14/06/2023 |
| ૦૪ | જરૂર પડે તો બીજી મેરીટ યાદી ઓનલાઈન પ્રસિધ્ધ કરવાની તારીખ | 16/06/2023 |
| ૦૫ | બીજી  મેરીટ યાદી માં આવેલ ઉમેદવારો ને ઓનલાઈન ફી ભરી કામચલાઉ પ્રવેશ મેળવવાની છેલ્લી તારીખ | 16/06/2023 to 17/06/2023 |
| ૦૬ | જરૂર પડે તો ત્રીજી મેરીટ યાદી ઓનલાઈન પ્રસિધ્ધ કરવાની તારીખ | 19/06/2023 |
| ૦૭ | ત્રીજી  મેરીટ યાદી માં આવેલ ઉમેદવારો ને ઓનલાઈન ફી ભરી કામચલાઉ પ્રવેશ મેળવવાની છેલ્લી તારીખ | 19/06/2023 to 20/06/2023 |

**Note :**

- **ઓનલાઈન પ્રવેશ ફી ભર્યા બાદ રીપોર્ટીંગ વખતે ઉપર દર્શાવેલ તમામ ઓરીજન્લ ડોક્યુમેન્ટ, બે તાજેતર ના પાસપોર્ટ સાઈઝ ના ફોટા(પાછળ નામ અને ફોર્મ આઈડી નંબર લખવો), પ્રવેશ ફોર્મ, ફી ની પાવતી સાથે નિયત તારીખ અને સમયે અચૂક હાજર રહેવું.**

તારીખ :૦૧/૦૬ /૨૦૨૩
સ્થળ : પાલનપુર

**Dr. S.H. Prajapati**
**Convener**
**Admission Committee**
**(B.Sc. Semester I)**

**Dr. Y.B. Dabgar**
**Principal**